**<u>માલપુરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેશ્રીની અદાલતમાં,માલપુર</u>**

**<u>ક્રિમિનલ કેસ નંબર : ૨૫૪/૨૦૨૬</u>**
**<u>આંક :</u>**

**<u>ફરીયાદી</u> :** શ્રી સરકાર...

**<u>વિ રૂ ધ્ધ</u>**

**<u>આરોપી</u> :** ભેગોરા વિક્રમભાઈ જયંતિભાઈ
રહે.કસૈયા, તા.માલપુર, જી.અરવલ્લી.

**<u>ગુનો :ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ-૬૫(એ)(એ) મુજબ.</u>**

**||| <u>ઠ રા વ</u> |||**

(૧).. ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આંક-૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ-૬૫(એ)(એ) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ થતા, આરોપી હાજર થતા તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની પ્લી વાંચી, સંભળાવી, સમજાવતા, આરોપીએ તેની સામેના આક્ષેપિત ગુનાની કબુલાત કરવાની પુરસીસ રજુ કરી સ્વેચ્છાએ ગુનો કબુલ રાખેલ છે.

(૨).. આરોપીએ ગુનાની કબુલાત કરવાની પુરસીસ રજુ કરી જણાવે છે કે, આરોપીએ ફરીવાર ગુનો નહી કરવાની ખાત્રી આપી દયાની માગણી કરી યોગ્ય દંડ કરવા રજુઆત કરેલ છે. સદર કેસની હકીકત તેમજ ગુનાની ગંભીરતા તથા કબુલાત ધ્યાને લેતા આરોપીને લાં બા સમયની કેદની સજા કરવાના બદલે હળવી સજા કરવી ન્યાયિક અને ઉચિત જણાય આવે છે. આમ, આરોપીને સદરહું ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

(૧) આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા,૨૦૨૩ ની કલમ-૨૬૪ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(એ)(એ) હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૧૦૦/-(અંકે રૂપિયા એકસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો **દિન-૦૩(ત્રણ)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ દારુનો અપિલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તારીખ : ૧૪મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજની લોક અદાલતની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી મારી સહી/ સીકકો કરીને જાહેર કરવામાં આવે છે.

સ્થળ : માલપુર
તા.: ૧૪-૦૩-૨૦૨૬
**સ્પેશ્યલ સીટીંગ**
**લોક અદાલત**

**(પૂજા સુરાણા)**
**(Code No.GJ01428)**
જ્યુડી.મેજી. ફ.ક.,માલપુર.